RTE હેઠળ પ્રવેશ/ફી માહિતી

જા.નં/પ્રાથમિક/RTE/ફી/૨૦૨૫/ 12661

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩,જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ,સુરત
તા.૦૭/૧૧/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવતી તમામ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ તરફ.
( RTE હેઠળ વર્ષ-૨૦૧૮-૧૯ થી વર્ષ-૨૦૨૫-૨૬ સુધી મફત પ્રવેશ આપેલ શાળાઓ )

વિષયઃ- RTE હેઠળ વર્ષ-૨૦૧૮-૧૯ થી વર્ષ-૨૦૨૫-૨૬ સુધી RTE હેઠળ પ્રવેશ આપેલ શાળાની ફી ની રકમ જમા ન થયેલ હોય તેની માહિતી રજૂ કરવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે RTE હેઠળ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર અધિનિયમ-૨૦૦૯ અને તે હેઠળ રચાયેલ નિયમો-૨૦૧૨ ની જોગવાઇઓ હેઠળ શૈક્ષણિક વર્ષઃ-૨૦૧૮-૧૯ થી વર્ષઃ-૨૦૨૫-૨૬ સુધીમાં સુરત જિલ્લાની સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧ માં પ્રવેશ આપવામાં આવેલ અને હાલ આ વિદ્યાર્થીઓ ક્રમાનુસાર જે-તે ધોરણમાં અભ્યાસ કરે છે તેવા વિદ્યાર્થીઓની વિદ્યાર્થી દીઠ ધોરણવાર ફી ની રકમ શાળાને ન મળેલ હોય તેવી શાળાઓએ નિયત નમુનાનાં પત્રક-૧ અને પત્રક-૨ માં હાર્ડ કોપી અને સોફટ કોપી (Pen Drive)માં જ શાળામાં આર.ટી.ઇ.ની કામગીરી સંભાળતા જાણકાર કર્મચારીએ તા.૦૮/૧૧/૨૦૨૫ નાં રોજ સાંજે ૦૪:૦૦ કલાક સુધીમાં રૂબરૂ કચેરીની પ્રાથમિક શાખામાં બિનચૂક રજૂ કરવા જણાવવામાં આવે છે.

જે શાળાઓએ ફી ની વિગતો અત્રે સમયસર નહી મોકલે અથવા અધુરી,ખોટી કે નિયત નમુનામાં રજૂ ન કરેલ હોય અને જે-તે વર્ષની ફી બાકી રહે ત્યાર બાદ કોઇ પણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ. આર.ટી.ઇ.ની ફી બાબતે જે કાંઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સઘળી જવાબદારી શાળા સંચાલકશ્રી/આચાર્યશ્રીની રહેશે.સદર બાબત નાણાંકીય હોઇ શાળા સંચાલકશ્રી/આચાર્યશ્રીએ સદર સૂચનાઓનો અમલ ચૂસ્તપણે કરવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત,જિલ્લો-સુરત